# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 16-05-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

****************************************************

1) સરકારે તાત્કાલિક અસરથી તુર્કીની એરપોર્ટ ગ્રાઉન્ડ હેન્ડલિંગ ફર્મની સુરક્ષા મંજૂરી રદ કરી. દેશની અગ્રણી યુનિવર્સિટીઓએ શૈક્ષણિક કરાર રદ કર્યા.
2) બેંક સાથે છેતરપિંડીના કેસમાં ભાગેડુ જાહેર થયેલા નિરવ મોદીની જામીન અરજી લંડન કોર્ટે ફગાવી.
3) જમ્મુ કાશ્મીરમાં વિશાળ તિરંગા યાત્રા સાથે દેશભરમાં સેનાના સાહસ અને શૌર્યને બિરદાવવા અનેક સ્થળોએ તિરંગા યાત્રા યોજાઇ
4) પુતિન બાદ ઝેલેન્સ્કિએ પણ ઇસ્તંબુલ શાંતિ વાટાઘાટોમાં હાજર નહી રહેવાની જાહેરાત કરતાં સંઘર્ષ વિરામ અંગે અસમંજસ
5) આર્થિક ક્ષેત્રમાં વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે ભારતનો વિકાસ દર વધીને 6.3 ટકા રહેવાનું અનુમાન.

****************************************************

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# MORN. BCAS - TURKEY

સરકારે તાત્કાલિક અસરથી તુર્કીની એરપોર્ટ ગ્રાઉન્ડ હેન્ડલિંગ ફર્મ સેલેબી એરપોર્ટ સર્વિસીસ ઈન્ડિયા પ્રાઇવેટ લિમિટેડની સુરક્ષા મંજૂરી રદ કરી દીધી છે. એક આદેશમાં, બ્યુરો ઓફ સિવિલ એવિએશન સિક્યુરિટીએ જણાવ્યું હતું કે રાષ્ટ્રીય સુરક્ષાના હિતમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ કંપની માટે સુરક્ષા મંજૂરીને નવેમ્બર 2022 માં BCAS ડાયરેક્ટર જનરલ દ્વારા મંજૂરી આપવામાં આવી હતી. સેલેબી એવિએશન દિલ્હી, મુંબઈ, બેંગલુરુ, હૈદરાબાદ, ગોવા, કોચીન અને કન્નુર સહિત નવ શહેરોના એરપોર્ટ પર પેસેન્જર હેન્ડલિંગ, ફ્લાઇટ ઓપરેશન્સ, કાર્ગો અને પોસ્ટલ સેવાઓ તેમજ એરોબ્રિજ અને વેરહાઉસ સેવાઓનું સંચાલન પૂરું પાડે છે.

BCAS ના નિર્દેશનું પાલન કરીને, દિલ્હી ઇન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડે ઇન્દિરા ગાંધી ઇન્ટરનેશનલ એરપોર્ટ પર ગ્રાઉન્ડ હેન્ડલિંગ અને કાર્ગો ઓપરેશન્સ માટે જવાબદાર સેલેબી એન્ટિટીઝ સાથેના તેના જોડાણને ઔપચારિક રીતે સમાપ્ત કરી દીધું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# JAMIA - MANUU - TURKEY MOUs

**પાકિસ્તાનનના મદદગાર તૂર્કી સાથે ભારતે વ્યાવસાયિક સંબંધઓનો અંત લાવવાનું શરૂ કરી દીધુ છે.. તૂર્કીના પ્રવાસન સ્થળો ઉપર નહીં જવાના નિર્ણય બાદ હવે ભારતીય શૈક્ષણિક સંસ્થાનોએ પણ પોતાના કરાર રદ કરવાનું શરૂ કરી દીધુ છે.**

રાષ્ટ્રીય સુરક્ષા ચિંતાઓનો ઉલ્લેખ કરીને, ઘણી અગ્રણી ભારતીય યુનિવર્સિટીઓએ તુર્કી સંસ્થાઓ સાથેના તેમના શૈક્ષણિક સમજૂતી કરાર સ્થગિત કરી દીધા છે. જામિયા મિલિયા ઇસ્લામિયાએ તાજેતરમાં તુર્કી પ્રજાસત્તાક સરકાર સાથે સંકળાયેલી સંસ્થાઓ સાથેના તમામ સમજૂતી કરાર તાત્કાલિક સ્થગિત કરવાની જાહેરાત કરી છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, જામિયાએ કહ્યું કે, તે "રાષ્ટ્ર સાથે છે."

શૈક્ષણિક કરાર રદ કરતા, હૈદરાબાદમાં મૌલાના આઝાદ રાષ્ટ્રીય ઉર્દૂ યુનિવર્સિટીએ તુર્કીમાં યુનુસ એમરે ઇન્સ્ટિટ્યૂટ સાથેના તેના શૈક્ષણિક સમજૂતી કરારને તાત્કાલિક અસરથી રદ કરી દીધો છે.

અગાઉ, જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીએ પણ તુર્કીમાં ઇનોનુ યુનિવર્સિટી સાથેના તેના પોતાના સમજૂતી કરારને સ્થગિત કર્યા હતા. આ વર્ષની શરૂઆતમાં 3 ફેબ્રુઆરીએ હસ્તાક્ષર કરાયેલા કરારનો હેતુ સહયોગી સંશોધન અને વિદ્યાર્થી આદાનપ્રદાનને પ્રોત્સાહન આપવાનો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MORN. NIRAV MODI BAIL REJECTED

લંડનની હાઈકોર્ટે હીરાના વેપારી નીરવ મોદીની નવી જામીન અરજી ફગાવી દીધી છે. નિરવ મોદી તેના કાકા મેહુલ ચોક્સી સાથે મળીને ૧૩ હજાર કરોડ રૂપિયાના પંજાબ નેશનલ બેંક છેતરપિંડીના કેસમાં ભારતમાં વોન્ટેડ છે.

નીરવ મોદીએ ગઈકાલે લંડનની કોર્ટનો સંપર્ક કર્યો હતો અને તેની પ્રત્યાર્પણ વિનંતી પર નિર્ણય ન આવે ત્યાં સુધી જામીન પર મુક્તિની માંગ કરી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# JAISHANKAR-PAKISTAN

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ભારત અને પાકિસ્તાન વચ્ચે કોઈપણ ત્રીજા પક્ષની મધ્યસ્થીનો ઇનકાર કર્યો, અને પુનરોચ્ચાર કર્યો હતો કે ઇસ્લામાબાદ સાથેના વ્યવહારો સંપૂર્ણપણે દ્વિપક્ષીય રહેશે. નવી દિલ્હીમાં એક કાર્યક્રમ દરમિયાન મીડિયા સાથે વાત કરતા ડૉ. જયશંકરે કહ્યું કે, ભારતે સ્પષ્ટ કરી દીધું છે કે પાકિસ્તાન સાથે ચર્ચા કરવાની બાકી રહેલી એકમાત્ર બાબત કાશ્મીરમાં ગેરકાયદેસર રીતે કબજા હેઠળના ભારતીય પ્રદેશને ખાલી કરાવવાની છે.

વિદેશ મંત્રીએ ભાર મૂક્યો કે પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ સ્પષ્ટ કર્યું છે કે પાકિસ્તાન સાથે વાતચીત ફક્ત આતંકવાદ પર જ થશે. તેમણે ઉમેર્યું હતું કે પાકિસ્તાન પાસે આતંકવાદીઓની યાદી છે જેને સોંપવાની જરૂર છે, અને તેમણે આતંકવાદી માળખાને તોડી પાડવું પડશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# TRIRANGA YATRA

ભારતીય સેનાના ‘ઑપરેશન સિંદૂર’ ને બિરદાવવા ગુજરાત સહિત દેશભરમાં આગામી 23 મૅ સુધી ત્રિરંગા યાત્રાનું આયોજન કરાયું છે.

જમ્મુમાં ગઇકાલે વિશાળ તિરંગા યાત્રા યોજાઇ ગઈ. જેમાં 10 હજારથી વધુ લોકોએ સેનાના શોર્યને બિરદાવવા માટે લોકો ઉત્સાહ સાથે યાત્રામાં જોડાયા હતા.

'નાગરિકો રાષ્ટ્રીય સુરક્ષા માટે' ના બેનર હેઠળ, યાત્રા ઇન્દિરા ચોક ખાતે JDA પાર્કિંગથી શરૂ થઈ હતી. શહેરના  રસ્તાઓમાંથી પસાર થઈને પ્રેસ ક્લબ, જમ્મુ ખાતે સમાપ્ત થઈ હતી.

રાષ્ટ્રધ્વજ લહેરાવીને અને જય હિંદ, વંદે માતરમ અને ભારતીય સેના ઝિંદાબાદ જેવા નારા લગાવતા, સહભાગીઓએ દેશના સૈનિકો માટે અદમ્ય સમર્થન વ્યક્ત કર્યું હતું.

આ યાત્રામાં તમામ ક્ષેત્રોના અગ્રણીઓ,નેતાઓ, સૈન્યના ભૂતપૂર્વ સૈનિકો, સંતો, વિવિધ સામાજિક અને વેપારી સંગઠનોની સાથે મોટી સંખ્યામાં કાશ્મીરી વિસ્થાપિતો પણ હાજર રહ્યા હતા.

પંચમહાલ જિલ્લાના મુખ્યમથક ગોધરા શહેરમાં સર્વ સમાજ દ્વારા ત્રિરંગા યાત્રા યોજાઈ. સાંસદ રાજપાલસિંહ યાદવ, રાજ્યસભા સાંસદ ડૉક્ટર જસવંતસિંહ પરમાર તેમજ કાલોલના ધારાસભ્યો સહિત પોલીસ જવાનો અને સ્થાનિકો જોડાયા હતા.

ખેડા જિલ્લાના વડામથક નડિયાદ ખાતે યોજાયેલી ત્રિરંગા યાત્રામાં સાંસદ દેવુસિંહ ચૌહાણ, સહિત મોટી સંખ્યામાં રાજકીય લોકો અને નગરજનો જોડાયા હતા.

મહેસાણામાં આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ સહિત મોટી સંખ્યામાં લોકો જોડાયા પાટણમાં પણ ભવ્ય ત્રિરંગા યાત્રા યોજી ભારતીય સેનાના જવાનોના શૌર્યને બિરદાવવામાં આવ્યું. બનાસકાંઠાના પાલનપુરમાં પણ ગઈકાલે ત્રિરંગા યાત્રા યોજાઈ.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# RUSSIA - UKRAINE PEACE TALKS

ઇસ્તંબુલમાં યોજાનારી રશિયા યુક્રેન સંઘર્ષ પર પૂર્ણ વિરામ માટેની યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ જાહેરાત કરી છે કે તેઓ ઇસ્તંબુલમાં રશિયા સાથે આગામી શાંતિ વાટાઘાટોમાં હાજરી આપશે નહીં. જોકે, યુક્રેન સંરક્ષણ મંત્રી રુસ્ટેમ ઉમેરોવના નેતૃત્વમાં એક પ્રતિનિધિમંડળ મોકલશે જે તણાવ ઓછો કરવાના પ્રયાસોને સમર્થન આપશે. અંકારામાં બોલતા, રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ રશિયાના ઇરાદાઓ પર શંકા વ્યક્ત કરીને યુક્રેનની સંવાદ પ્રત્યેની પ્રતિબદ્ધતાને દોહરાવી હતી

અમેરિકાના સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ પણ કહ્યું છે કે તેઓ શાંતિ વાટાઘાટોમાં હાજરી આપશે નહીં. તેમણે કહ્યું કે જ્યાં સુધી યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સીધી મુલાકાત નહીં કરે ત્યાં સુધી કોઈ વાસ્તવિક પ્રગતિ શક્ય નથી..

યુક્રેન સાથે સીધી વાટાઘાટો ફરી શરૂ કરવા માટે રવિવારે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન દ્વારા પ્રસ્તાવિત ઇસ્તંબુલ વાટાઘાટો પછી આ વાતચિત થઈ રહી છે. જોકે, ક્રેમલિનએ પાછળથી કહ્યું કે રાષ્ટ્રપતિ પુતિન વાટાઘાટોમાં હાજરી આપશે નહીં. તેના બદલે રશિયાનું પ્રતિનિધિત્વ રાષ્ટ્રપતિના સહાયક વ્લાદિમીર મેડિન્સ્કી કરશે. વાટાઘાટો આજે થવાની અપેક્ષા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો

………………………………………………………………

# UN WESP REPORT

સંયુક્ત રાષ્ટ્ર (UN) અનુસાર, ભારત સૌથી ઝડપથી વિકસતું મોટું અર્થતંત્ર રહ્યું છે. સંયુક્ત રાષ્ટ્રના વર્લ્ડ ઇકોનોમિક સિચ્યુએશન એન્ડ પ્રોસ્પેક્ટ્સના અર્ધવાર્ષિક અહેવાલ મુજબ, અનિશ્ચિત સ્થિતિનો સામનો કરી રહેલા વૈશ્વિક અર્થતંત્ર વચ્ચે ભારતીય અર્થતંત્ર આ નાણાકીય વર્ષમાં 6.3 ટકાના દરે વૃદ્ધિ પામશે તેવુ અનુમાન લગાવાઇ રહ્યું છે.

વૃદ્ધિ સતત વધતાં ખાનગી વપરાશ અને જાહેર રોકાણના પરીણામે આ વૃધ્ધિ હાંસલ થઇ રહી હોવાનું સંયુક્ત રાષ્ટ્રના વરિષ્ઠ અર્થશાસ્ત્રી ઇન્ગો પિટર્લે કારણ આપ્યું હતું.. અહેવાલમાં આગામી વર્ષે ભારતનો વિકાસ વધીને 6.4 ટકા થવાનો અંદાજ છે. જોકે 2025 માં વૈશ્વિક વિકાસ માત્ર 2.4 ટકા રહેવાની ધારણા છે,

ફુગાવો 2024 માં 4.9 ટકાથી ઘટીને 2025 માં 4.3 ટકા થવાનું અનુમાન લગાવાઇ રહ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# WOMENS CRICKET - ENGLAND TOUR

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડએ ભારતીય મહિલા ક્રિકેટ ટીમના 28 જૂનથી 22 જુલાઈ સુધીના ઇંગ્લેન્ડ પ્રવાસ માટે ટીમોની જાહેરાત કરી છે. આ પ્રવાસમાં પાંચ T20 આંતરરાષ્ટ્રીય મેચ અને ત્યારબાદ ત્રણ વન-ડે મેચ રમાશે. હરમનપ્રીત કૌર બંને ફોર્મેટમાં મહિલા ટીમનું નેતૃત્વ કરશે, જેમાં સ્મૃતિ મંધાના ઉપ સુકાની તરીકે સેવા આપશે.

15 સભ્યોની T20I ટીમમાં શેફાલી વર્મા, જેમિના રોડ્રિગ્સ અને દીપ્તિ શર્માનો સમાવેશ થાય છે, જેમાં રિચા ઘોષ અને યાસ્તિકા ભાટિયા વચ્ચે વિકેટકીપિંગ કરશે. ODI શ્રેણી માટે, 16 સભ્યોની ટીમનું નામ આપવામાં આવ્યું છે, જેમાં મોટાભાગના T20I કોરને જાળવી રાખવામાં આવ્યા છે જ્યારે પ્રતિકા રાવલ અને તેજલ હસાબનીસનો સમાવેશ થાય છે.

આ પ્રવાસ 28 જૂને ટ્રેન્ટ બ્રિજ ખાતે પ્રથમ T20I સાથે શરૂ થશે, ત્યારબાદ બ્રિસ્ટોલ, ધ કિયા ઓવલ, એમિરેટ્સ ઓલ્ડ ટ્રેફોર્ડ અને એજબેસ્ટન ખાતે મેચો રમાશે. ODI લેગ સાઉથમ્પ્ટન, લોર્ડ્સ અને ચેસ્ટર-લે-સ્ટ્રીટ ખાતે રમાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# NIRAJ CHOPDA

ભારતના બે વખતના ઓલિમ્પિક મેડલ વિજેતા અને ભાલા ફેંકમાં વર્તમાન વર્લ્ડ ચેમ્પિયન, નીરજ ચોપરા, આજે કતારના દોહામાં સિઝનની તેમની પ્રથમ ડાયમંડ લીગ મીટમાં ભાગ લેશે. નીરજ દોહામાં પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરવાની આશા સાથે મેદાનમાં ઉતરશે. ટોચના ખેલાડીઓ સામેની દોહામાં મહિનાની તેની આ પ્રથમ મોટી હરિફાઇ હશે..

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષલ પંડ્યા

આજે મોટાભાગના અખબારોએ પાકિસ્તાનના મદદગાર તૂર્કી સામે ભારતે લીધેલા કડક પગલાં, પાકિસ્તાનના અણુશસ્ત્રો પર નજર રાખવા રાજનાથસિંહનું સૂચન,ભારત પાકિસ્તાન સંઘર્ષ મુદ્દે ટ્રમ્પની પલટી, સુપ્રીમ કોર્ટ પાસેથી રાષ્ટ્રપતિએ સ્પષ્ટીકરણ માંગ્યુ  સહિતના સમાચાર પહેલા પેજ ઉપર વાંચવા મળી રહ્યાં છે

ગુજરાત સમાચારે લખ્યું છે કે તૂર્કીયે પર તવાઇઃ ૭ એરપોર્ટસ્ પર સેબેલીનો કોન્ટ્રાક્ટ રદ

સંદેશ અને દિવ્ય ભાસ્કરે  લખ્યું છે કે ટ્રમ્પે ફેરવી તોળ્યુ યુધ્ધ વિરામ નથી કરાવ્યો, માત્ર મદદ કરી

ફૂલછાબ દૈનિકે લખ્યું છે કે સર્વોપરી કોણ, રાષ્ટ્રપતિ કે સુપ્રીમ ?

પાકિસ્તાનના અણુશસ્ત્રો પર આઇએઆએ એ દેખરેખ રાખવી જોઇએઃ રાજનાથસિંહ

રાજનાથસિંહના નિવેદન સાથે હિન્દી અખબાર રાજસ્થાન પત્રિકાએ લખ્યું છે કે પાકિસ્તાન જહાં સે ખડા હોતાએ માંગને વાલો કી લાઇવ વહી લે શરૂ હોતી હૈ

આ સમાચારોની સાથે સાથે ટ્મ્પે કહ્યું કે એપલ ભારતમાં આઇફોન  ન બનાવે કંપનીએ કહ્યું કે પ્લાન યથાવત

અમદાવાદથી ૩ ઇન્ટરનેશનલ ફ્લાઇટનો એશેબનો ક્રાઉન્ડ હેન્ડલિંગનો કરાર રદ થયો

રાજ્ય અને સ્થાનિક સમાચારમાં

ગન લાઇસન્સ લેવું હવે સરળ નહીં , 500 જેટલા પરવાના તપાસ બાદ રદ , રાજ્યના તાપમાનમાં વધારાની શક્યતા ,

સ્પોર્ટસ પેજ ઉપર આઇપીએલની મેચના સમાચાર તમામ અખબારોમાં જોવા મળી રહ્યાં છે.. . . . . . . . . . . . . . . . . . . .